### અરવલ્લી પોલીસનું મહાઓપરેશન

# ખેતરોમાંથી ૨.૨૭ કરોડનો અધધ વાવેતર કરેલા ગાંજાના છોડનો જથ્થો જપ્ત,બે આરોપીને દબોચ્યા



મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ બાયડના વાઘવલ્લા ગામના ૧૧ ખેતરોમાં ઉભા પાક વચ્ચે વાવેતર કરેલ ગાંજાની ખેતીનો પર્દાફાશ કરી ૨.૨૭ કરોડથી વધુના ગાંજાના છોડ જપ્ત કરી બે આરોપીઓને દબોચી લીધા હતા જીલ્લા પોલીસતંત્રએ સતત બે દિવસ સમગ્ર વિસ્તારને કિલ્લાબંધીમાં ફેરવી દઈ ડ્રોનની મદદથી નશાની ખેતી ઝડપી પાડી હતી ખેતરમાં વાવણી કરેલ ગાંજો લણવા ૧૫ જેટલા શ્રમિકોની મદદ લીધી હતી. બાયડ તાલુકાના વાઘવલ્લા ગામના કેટલાક ખેતરોમાં કપાસ, તુવેર જેવા પાકની વચ્ચે ગાંજાનું વાવેતર મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું હોવાની બાતમી મળતા જીલ્લા એલસીબી, એસઓજી અને બાયડ પોલીસ સંયુક્ત રીતે વાઘવલ્લા ગામના બાતમી આધારીત ખેતરોને કોર્ડન કરી તપાસ કરતા ૧૧ ખેતરોમાં ગાંજાનુ વાવેતર મળી આવતા પોલીસ પણ અચંબીત બની હતી વિપુલ પ્રમાણમાં ગાંજો ખેતરોમાં લહેરાતો હોવાથી પોલીસે ડ્રોનની મદદ લેવાની ફરજ પડી હતી બે દિવસ સુધી સતત ખેતરો ખૂંદી ખેતરોમાંથી ૨૨૭૨.૩૬ કિલો ગ્રામ ગાંજાના છોડનો જથ્થો કીં.રૂ.૨૨૭૨૨૩૬૦/-નો જથ્થો જપ્ત કરી બે આરોપીને દબોચી લીધા હતા. અરવલ્લી જીલ્લા પોલીસે ગાંજાની ખેતીમાં સંકળાયેલ અન્ય આરોપીઓને ઝડપી પાડવા તપાસનો ધમધમાટ શરુ કર્યો છે વાઘવલ્લા ગામમાંથી કરોડો રૂપિયાનો ગાંજાના જથ્થો જપ્ત કરી નશાના કારોબારનો પોલીસે પર્દાફાશ કરતા સ્થાનિક લોકો સહીત જીલ્લાના લોકો ચોંકી ઉઠ્યા છે અને યુવાધન સહીત લોકોને નશાના લતની બર્બાદીમાં ધકેલનાર આરોપીઓ સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવેની માંગ ઉઠી છે.

## લાખણી તાલુકાના નાંણી ખાતે એરબેઝનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ચ્યુઅલી ભૂમિપૂજન

ડીસા, તા. ૨૧

ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડર ધરાવતા બનાસકાંઠા જિલ્લાના ડીસા અને લાખણી તાલુકાના નાંણી ખાતે રૂ.૧૦૦૦ કરોડના ખર્ચથી નિર્માણ પામનાર એરબેઝ રનવે અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનાર ડિફેન્સ એકસ્પો કાર્યક્રમમાં વર્ચ્યુઅલી ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.તેનાથી જિલ્લા સહિત દેશની સુરક્ષા સ્થિતિમાં વધારો થશે. લાખણી તાલુકાના નાંણી ખાતે સવારે-૯.૦૦ કલાકે યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી અજય ભટ્ટ અને ગુજરાત સરકારના પ્રવાસન મંત્રી પૂર્ણેશભાઈ મોદી, સંસદસભ્યો અને ધારાસભ્યો સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા બનાસકાંઠા જિલ્લામાં કુલ-૪૫૦૦ એકર જમીનમાં રૂ. ૧૦૦૦ કરોડના ખર્ચથી આકાર પામનાર આ એરફોર્સ સ્ટેશન ૨૦૨૪ સુધીમાં તૈયાર થશે. ભારત-પાકિસ્તાન સરહદથી ૧૩૦ કિ.મી.નું અંતર ધરાવતું આ એરબેઝ વ્યૂહાત્મક રીતે ખુબ ઉપયોગી સાબિત થશે અને સરહદી સુરક્ષામાં વધારો થશે.તેથી બનાસવાસીઓમાં ખુશાલી છવાઈ છે.



### દૈનિક ૪ ૫ કરોડથી પણ વધુની રકમનો એ.ટી.એમ ના માધ્યમથી ઉપાડ

# દિવાળી ઈફેક્ટ-જિલ્લામાં દિવાળીની ખરીદીના માહોલમાં પૈસા ઉપાડવા બેંક એ.ટી.એમ.માં લાઈનો

## કિસાન સન્માન નીધીનો હપ્તો જમા થતાં બેક્રોમાં ખેડૂતોનો પણ ધસારો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિપાવલીના તહેવારને આડે ગણતરીના દિવસ બાકી રહેતાં બજારોમાં ખરીદીનો માહોલ જામ્યા પછી બેંક એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા માટે ગ્રાહકોની લાઈનો જોવા મળી રહી છે. બંને જિલ્લામાં દૈનિક ૫ કરોડથી પણ વધુની રકમનો એ.ટી.એમ.ના માધ્યમથી ઉપાડ થઈ રહ્યો છે. જ્યારે તાજેતરમાં ખેડૂતોના બેંક ખાતામાં કિસાન સન્માન નીધીનો ૧૨મો હપ્તો જમા થયા પછી ખેડૂતોનો પણ બેંક્રોમાં ધસારો શરુ થયો છે. તહેવારો સમયે બેંક્રોમાં પૈસાની લેવડ દેવડમાં ચાર ગણો વધારો થતો હોય છે. ચેકના માધ્યમથી પૈસા ઉપાડવામાં કલાકોનો સમય વીતી જતો હોવાથી મોટાભાગના બેંક ગ્રાહકો હવે વિવિધ બેંકના એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડવામાં સુલભતા અનુભવતા હોય છે. જિલ્લામાં દિવાળીના તહેવારના કારણે બજારોમાં ગ્રાહકોની ભીડ ઉમટવાની સાથે હવે બેંક્રોમાં પણ ગ્રાહકોનો ધસારો શરુ થયો છે. બેંકમાં લાઈનોની ઝંઝટમાંથી મુક્તિ મેળવવા માટે મોટાભાગના બેંક ગ્રાહકો દિવાળીની ખરીદી માટે બેંક એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડવા લાગ્યા છે જેના કારણે જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ સહિતના શહેરી વિસ્તારોમાં બેંક એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા માટે ગ્રાહકોની સવારથી ભીડ શરુ થઈ છે. તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોના બેંક ખાતામાં કિસાન સન્માન નીધીના રુપમાં છે ૨૦નો હપ્તો જમા કરાવતાં પૈસા ઉપાડવા માટે ખેડૂતોએ પણ બેંક્રોમાં ધસારો કર્યો છે. હપ્તો જમા થયા પછી ખેડૂતોના મોબાઈલમાં હપ્તો જમા થયાનો મેસેજ આવતાંની સાથે જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારની બેંક્રોમાં રૂ ૨૦ની રકમ ઉપાડવા માટે ખેડૂતોએ ભીડ જમાવી છે. જિલ્લામાં એક તરફ દિવાળીની ખરીદીનો માહોલ અને કિસાન સન્માન નીધીનો હપ્તો જમા થયા પછી બેંક્રોમાં પૈસા ઉપાડવા માટે ગ્રાહકોની મોટી ભીડ ઉમટી રહી છે. બેંક એ.ટી.એમ. આગળ સવારથી સાંજ સુધી ગ્રાહકોની કતારના દ્રશ્યો છેલ્લા ૨ દિવસથી જોવા મળી રહ્યા છે.




## ડિસા તાલુકાની ધનાવાડા રૂપપુરા સહિત ત્રણ પ્રાથમિક શાળામાં દાતા દ્વારા તિથિ ભોજન

ડીસા તા. ૨૧

ડીસા તાલુકા ના ધનાવાડા પ્રાથમીક શાળા માં બુધવારે ડીસા ખાતે રહેતા સુરેશભાઈ જી ત્રિવેદી ( પત્રકાર ) દ્વારા શાળા માં બાળકોને તીથી ભોજન આપવામાં આવ્યું હતુ જેમાં ધનાવાડા પ્રાથમિક શાળા,વિનયમદિર પ્રાથમિક શાળા , રૂપપુરા (બુરાલ) પ્રાથમિક શાળા એમ મળી કુલ ત્રણ શાળા ના મળી કુલ ૩૦૦ જેટલા બાળકોને તીથી ભોજન આપવામાં આવ્યું હતું આ પ્રસંગે ધનાવાડા પ્રા.શાળા ના આચાર્ય લક્ષમણ ભાઈ ,સ્ટાફ મિત્રો નો પણ સુંદર સહયોગ મળ્યો હતો તેમજ આ તબક્કે તિથિ ભોજન ના દાતા સુરેશભાઈ ત્રિવેદી દ્વારા શાળા ના



વિકાસ કાર્ય માં પણ સહયોગ આપવાની પણ ખાતરી આપવામાં આવી હતી

## ધાનેરા નગરપાલિકા દ્વારા એક મહિના પહેલા બનાવેલ વોર્ડ નંબર ૫ માં નવો રોડ તુટી ગયો!

**નવીન રોડ બિલકુલ તૂટી ગયો છે એન્જિનિયર અને કોન્ટ્રાકટરો ની મીલીભગત જોવા મળી રહી છે?**

ધાનેરા તા. ૨૧

ધાનેરા નગરપાલિકા માં તાજેતરમાં બનાવેલ વોર્ડ નંબર ૫ તેમજ સધીમાતા ના મંદિર ની મહાકાળી મંદિર પાસે રોડ તૂટી ગયેલ જોવા મળી રહ્યો છે. આ બાબતને સમાચાર પત્રોમાં સમાચાર આપવા છતાં નગરપાલિકા એ કોઈ ધ્યાન આપ્યું ન હતું પરંતુ આજથી થિંગડા મારવાનું કામ ચાલુ કરયુ છે. તો આવી રીતે બોગસ રોડ બનાવી લોકોના પૈસાનું પાણી કરી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો પોતાના ખિસ્સા ભરી રહ્યા છે. ખરેખર બોગસ રોડનું કામ થયું છે એવું લોકો દ્વારા જાણવા મળેલ છે. આખો રોડ નવો એક મહિના પહેલા બનાવવામાં આવ્યો છે. ત્યારે નજરે જોતા રેતી કપચી રોડ પર જોવા મળી રહી છે. આ વિસ્તારના રહીશોની માંગ છે કે આવું બોગસ રોડ નું કામ કરનાર કોન્ટ્રાકટરો પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકોની માંગ છે.



# પાલનપુરમાં જાહેર માર્ગો પર ગંદકીના ઢગલા ખડકાયા

**શહેરમાં નિયમિત સફાઈના અભાવે ઠેરઠેર ગંદકીની સામરાજ્ય છવાયું: દિવાળીના તહેવારો પૂર્વે શહેરમા સ્વચ્છતા અભિયાન હાથ ધરવા માંગ**

પાલનપુર તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરમાં સ્વચ્છતા પાછળ વર્ષે દહાડે લાખો કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.તેમ છતાં શહેર ગંદકી થી ખદબળતું જોવા મળી રહ્યું છે શહેરના ઠેરઠેર જાહેર માર્ગો પર ગંદકી ના ઢગલા ખડકાયેલા હોઈ લોકોનું આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ નિર્માણ પામી હોઈ પાલીકા દ્વારા દિવાળી પૂર્વે શહેરમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. ફૂલો અને અંતરોના નગરની ઉપમા ધરાવતું પાલનપુર શહેર વર્તમાન સમયના નગરપાલિકા ના શાસકોના અણધડ વહીવટને ગંદકીનું નગર બની રહેવા પામ્યું છે.જોકે સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત નગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયા નો ખર્ચ પાડવામાં આવી રહ્યો છે પણ તેની સામે શહેરમાં સ્વચ્છતા હોવી જોઈએ તેવી થતી નથી.શહેરમાં ડોર ટું ડોર ઘન કચરા ના નિકાલ માટે કોન્ટ્રાક્ટ આપવા આવેલ છે પણ આ એજન્સી દ્વારા ફરજ દાખવવામાં લાપરવાહી દાખવી રહી હોય અને કેટલાક વિસ્તારોમાં ઘન કરચો લેવા વાહન આવતા જ ન હોઈ લોકો પોતાનો કચરો જાહેર માર્ગો પર ફેકતા હોઈ શહેરમાં વિવિધ માર્ગો પર ગંદકી ના મોટા ઢગલા ખડકાયેલા જોવા મળી રહ્યા છે. જ્યાં એઠવાડ માં પશુઓ મુ મારતા હોઈ દુર્ગંધ ફેલાવવા થી રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઈ રહી હોય પાલીકા દ્વારા દિવાળી અને નૂતન વર્ષ નિમિતે શહેરના સાફ સફાઈ કરાવે તેવી માંગ ઉઠી છે.



# પાલનપુરમાં બિયરના ટીન સાથે યુવક ઝડપાયો

પાલનપુર તા. ૨૧

પાલનપુર ના તાજપુરા વિસ્તારમાં પોલીસે એક શંકાસ્પદ હલતના ફરતા યુવકની તલાશી લેતા તેની પાસેથી બિયરના ત્રણ ટીન મળી આવ્યા હતા જેને લઈ આ યુવકની અટકાયત કરી તેની સામે ગુનો દાખલ કરવાના આવ્યો હતો. પાલનપુર શહેર પશ્ચિમ પોલીસની ટીમ શહેરના તાજપુરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી દરમ્યાન એક યુવક હાથમાં થેલી લઈ શંકાસ્પદ હાલતમાં જોવા મળતા પોલીસે તેની પૂછતાછ કર્યા તે તાજપુરા શરણાઈ વાડીમાં રહેતો વિક્રમજી બાબુજી ઠાકોર હોવાનું જણાવ્યું હતી અને તેની પાસે રહેલ થેલી માંથી રૂ.૩૬૦ ની કિંમતના ત્રણ બિયર ના ટીન મળી આવતા તેની અટકાયત કરવામાં આવી હતી. અને તેની વિરુદ્ધ પશ્ચિમ પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## પ્રકાશ સુપર માર્કેટ પાલનપુર ખાતે તોલમાપ વિભાગની કાર્યવાહી રૂ. ૯૩૦૦૦ દંડ વસુલ કરાયો

પાલનપુર તા. ૨૧

રાજ્યના તોલમાપ વિભાગના વિભાગીય નાયબ નિયંત્રકશ્રી એન.એમ.રાઠોડ ની સીધી દેખરેખ હેઠળ બનાસકાંઠા જિલ્લાના તોલમાપ વિભાગના આસીસ્ટન્ટ કંટ્રોલર શ્રી વી.વી.ચૌધરી અને તાબા હેઠળના નિરીક્ષકોની ટીમ દ્વારા આજરોજ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર સ્થિત પ્રકાશ સુપરમાર્કેટ ખાતે આકસ્મિક તપાસ હાથ ધરી આ મોલમાંથી વેચાણ અર્થે રાખવામાં આવેલા સીલબંધ પેકેજો કાયદા / નિયમો મુજબ બરાબર છે કે નહી તે અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. ઉપરોક્ત ટીમ દ્વારા તપાસ હાથ ધરતા મોલ ખાતે વેચાણ અર્થે રાખવામાં આવેલ સીલબંધ પેકેજો ઉપર પેકેજ કોમોડિટી રૂલ્સ ૨૦૧૧ ની જોગવાઈઓ મુજબ ફરજિયાત કરવાના થતા નિર્દેશનો કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગેની તપાસ હાથ ધરતા આ મોલ ખાતેથી વિવિધ પ્રકારના કરિયાણા તથા ડ્રાયફ્રુટની આઈટમોના સીલ બંધ પેકેજો ઉપર પૈકરનુ સરનામુ, ઈમેલ આઈડી તેમજ એમ.આર.પી (તમામ કરવેરા સહિત) જેવા નિર્દેશનો કરવામાં આવેલ નહિ હોવાની ક્ષતિ માલુમ પડેલ તેમજ કેટલાક સીલબંધ પેકેજો ઉપર છાપેલ મૂળ મહત્તમ વેચાણ કિંમત ઉપર અન્ય કિંમતના સ્ટીકરો લગાવવાની ક્ષતિઓ માલુમ પડેલ. આવા અધુરા નિર્દેશનો ધરાવતા સીલબંધ પેકેજો હોવાથી પ્રકાશ સુપર માર્કેટના જવાબદાર માલિક ભાગીદારો સામે ધી લિગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ ની કલમ ૧૮(૧) અન્વયે તથા ઉત્પાદક પેકર અંગેનું રજીસ્ટ્રેશન ન કરવા અંગે અને છાપેલ એમ.આર.પી ઉપર અન્ય કિંમતનું સ્ટીકર લગાવવાની ક્ષતિઓ બાબતે પેકેજ કોમોડિટી રૂલ્સ ૨૦૧૧ ની જોગવાઈઓ ભંગ થયેલ જણાતાં ઉપરોક્ત એકમ ના માલીક / ભાગીદારો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પ્રોસીક્યુશન કેસ કરવામાં આવેલ.

ઉપરોક્ત એકમે પોતાની ક્ષતિ બદલ ગુનો કબુલ કરતા પ્રકાશ સુપર માર્કેટને કુલ રૂપીયા ૯૩૦૦૦ ગુના માંડવાળ ફી પેટે વસુલ કરવામાં આવેલ છે. તેમ રાજ્યના તોલમાપ વિભાગના વિભાગીય નાયબ નિયંત્રકશ્રી એન.એમ.રાઠોડે જણાવ્યું હતું.

# કાણોદર હાઈવે પર આઈસરની ટક્કરે માતા-દીકરીનું મોત

**માતા પોતાની બે દીકરીઓ સાથે ઘર તરફ પરત ફરતા ટાણે આઈસર ટ્રકે ટક્કર મારતા માતા-દીકરીનું મોતઃ એક દીકરી ગંભીર રીતે ઘાયલ**

પાલનપુર તા. ૨૧

પાલનપુર તાલુકાના કાણોદર પાસે એક મહિલા અને તેની બે દીકરીઓને સિધ્ધપુર તરફથી આવી રહેલા એક આઈસર ચાલકે હાઈવે ઉપર ટક્કર મારતા એક મહિલા અને તેની દીકરીનું મોત નીપજયું હતું. અકસ્માતને પગલે ચાલક આઈસર ટ્રક મૂકી નાસી છૂટયો હતો. ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. પાલનપુર તાલુકાના કાણોદર હાઈવે ઉપર એક મહિલા પોતાની બે દીકરીઓ સાથે કાણોદર ઘરવખરી નો સામાન લેવા આવી હતી. સામાન ખરીદ કરી પોતાની બે દીકરીઓ સાથે પરત ઘર તરફ જતા સિધ્ધપુર તરફથી પુરઝડપે આવી રહેલા એક આઈસર ટ્રક ચાલકે મહિલા દીકરીઓને ટક્કર મારી હતી. જોકે, આઈસર ચાલક અકસ્માત સર્જી ટ્રક મૂકીને નાસી છૂટ્યો હતો. જોકે બનાવના પગલે ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. બનાવની જાણ પોલીસને થતા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ૧૦૮ દ્વારા એક મહિલા અને બે દીકરીઓને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જોકે તે સમયે એક મહિલાનું અને તેની એક દીકરીનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક દીકરી ગંભીર હાલતમાં સારવાર શરૂ કરવામાં આવી હતી. પાલનપુર તાલુકા પોલીસે આઈસર ટ્રક ય્ત્ન ૩૬્ ૬૦૬૧ ના ચાલક વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# પ્રાંતિજના સલાલ માર્કેટયાર્ડ પાસે સર્વિસ રોડ ઉબડ ખાબડના કારણે ખેડૂતોને ભારે હાલાકી

**દિવસ દરમ્યાન અકસ્માતનો ભંય સંતાવે છે : દિવસ દરમ્યાન સાતસોથી આઠસો વાહનોની અવરજવર રહે છે : સર્વિસ રોડ તૈયાર નહી થાય તો ખેડૂતો આક્રમક મુડમા**

પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સલાલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાસેનો સર્વિસ રોડ તથા ટૂટી ગયેલ ગટર લાઈન ભંગાર હાલતમાં હોવા ના કારણે ખેડૂતો ને વાહનો લાવવા લ?ઈ જવાની ઉભી થયેલી સમસ્યાઓ ના કારણે માર્કેટયાર્ડ માં ખેતી નો માલ લ?ઈને આવતા ખેડૂતોએ હોબાળો કર્યો

સલાલ માર્કેટયાર્ડ આગળ કેટલાય મહિનાઓથી સર્વિસ રોડ ઉબડ ખાબડ છે જેને લઈ ને માર્કેટયાર્ડમા માલ લઈ ને આવતા ખેડૂતોને રસ્તા ને લઈ ને મુશ્કેલીઓ પડે છે જેને લઈને ખેડૂતોએ હોબાળો કર્યો હતો તો ખેડૂતો નો મીજાજ પારખી માર્કેટયાર્ડ ના ચેરમેન રાજુભાઈ પટેલ અને તથા માર્કેટયાર્ડના સેક્રેટરી શૈલેષભાઈ પટેલે મામલો સંભાળી લેતાં ખેડૂતોનો રોષ સમી ગયો હતો જોકે ચેરમેન રાજુભાઈ પટેલ સલાલ સરપંચ અને સેક્રેટરી શૈલેષભાઈ પટેલે આ રસ્તા સંદર્ભે નેશનલ હાઈવે ઓથોરિટીના જવાબદાર અધિકારીઓને વારંવાર રજૂઆતો પછી પણ આ પ્રશ્ન નો કોઈજ ઉકેલ આવેલ નથી હાલ માર્કેટયાર્ડમાં ખેતી ઉપજની ડાંગર મગફળી તેમજ અન્ય પેદાશોની અંદાજે પાનસો વાહનો ની લાઈનો લાગે છે ખેડૂતો પરેશાન છે અકસ્માત નો ભંયછે તેમ છતાં સર્વિસ રોડ નુ કામકાજ મંથર ગતિએ ચાલતા હાલતો ખેડૂતો માર્કેટયાર્ડ ખાતે આવતા રસ્તાને લઈ ને પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે રસ્તા ને લઈ ને ખેડૂતો હોબાળો કરતા આખરે ચેરમેન સલાલ સરપંચ તથા સેક્રેટરી દ્વાર નેશનલ હાઈવે ઓથોરિટીને રજૂઆત કરી ને આ મામલે સત્વરે ઉકેલ લાવવા માટે કોન્ટ્રાક્ટર અને જવાબદાર તંત્રને સામે સત્વરે પગલા ભરવા તથા બે ત્રણ દિવસમાં આ કામનો ઉકેલ લાવવા રજુઆત કરી હતી અને જો ઉકેલ નહીં આવે તો ખેડૂતો નો રોષ આસમાને પહોંચી કંઈક નવાજુની થાય તો નવાઈ નહીં ત્યારે માર્કેટમાં માર્કેટ ઉપરાંત સરકારી ટેકાના ભાવની ખરીદીનું કામ પણ અહીં માર્કેટમાં જ થાય છે જેથી વાહનો નો મોટો ધસારો અહીં રહે છે ત્યારે આ ઉકેલ સત્વરે તાત્કાલિક ઉકેલ લાવવા રજુઆત કરી હતી.



# પ્રાંતિજ યુ જી વી સી એલ ખાતે વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો

**નાયબ ઇજનેરની બદલી થતા પુષ્પ વર્ષા દ્વારા વિદાય સમારોહ યોજાયો : સંગાસંબધીઓ મિત્રો સહિત વિજકર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**



પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ યુ જી વી સી એલ કચેરી ખાતે અઢી વર્ષ થી ફરજ બજાવતા નાયબ ઈજનેર ની સલાલ ખાતે બદલી થતા સ્ટાફ મિત્રો દ્વારા વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ ખાતે યુજીવીસીએલ કચેરી ખાતે છેલ્લા અઢી વર્ષ થી ફરજ બજાવતા નાયબ ઈજનેર શૈલેષ ભાઈ યાદવ ની સલાલ યુ જી વી સી એલ પેટા વિભાગ કચેરી ખાતે બદલી થતા વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો હતો અને એમ આર ભુપતકર એ પ્રાંતિજે ય્ન્નદ્દષ્ઠક્ક કચેરી ખાતે ચાર્જ સંભાળ્યો હતો ત્યારે બી ડી દેસાઈ લાઈન મૅન ની બાયડ તેમજ એસ ડી વાળંદ લાઈન મૅન ની મોડાસા ખાતે બદલી થતા તમામ ને વીજ કર્મચારીઓ દ્વારા પુષ્પગુચ્છ આપી તેમજ મોમેન્ટો આપી વિદાય આપી હતી અને એમ આર ભુપત કર પ્રાંતિજ ugvcl ખાતે ચાર્જ સંભાળતા વીજ કર્મચારી દ્વારા પુષ્પગુચ્છ અને મોમેન્ટ આપી સ્વાગત કર્યું હતું નાયબ ઈજનેર શૈલેષભાઈ યાદવ એ જણાવ્યું હતું કે મારી ફરજ દરમિયાન પ્રાંતિજ તાલુકાના તેમજ વીજ કર્મચારીઓએ જે મને સાથ અને સહકાર આપ્યો તે બદલ તમામનો આભાર માન્યું હતું અને તમામ કર્મચારીઓએ પુષ્પ વર્ષા કરી નાયબ ઈજનેર શૈલેષભાઈ યાદવ ને વિદાય આપી હતી.